# ૧ કરોડના ખર્ચે સે-૧૨ના રંગમંચનું રિનોવેશન કરાશે

**રંગમંચના રીનોવેશન માટે તબક્કાવાર સેકટરોમાં કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. મોટાભાગના રંગમંચો હાલ કોર્પોરેશનને સોંપી દેવાયા છે**

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં વર્ષો જુના રંગમંચ હાલ યોગ્ય જાળવણીના અભાવે ખંડેર બન્યા છે. જયારે કેટલાક સેકટરોમાં આ રંગમંચનુ રીનોવેશન કરી દેવાયુ છે. જયારે અત્યાર સુધી જાળવણીના અભાવે બિન ઉપયોગી બનેલા રંગમંચો દુષણોનો અડ્ડો બન્યા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જયારે હવે તબક્કાવાર સેકટરોમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડતા રંગમંચની કાયાપલટ કરવામાં આવી રહી છે. સે-૧૨ ના રંગમંચના રીનોવેશનનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે.

શહેરના સેકટરોમાં વર્ષો પુર્વે નિર્માણ કરાયેલા રંગમંચો ઉપયોગના અભાવે ખંડેર બન્યા છે. અલબત્ત સેકટરોમાં વર્ષોથી રંગમંચની કોઈ જાળવણી ન થતા રંગમંચો દુષણોનો અડ્ડો બની ગયા હતા. એક જમાનામાં કલાકારોને સ્ટેજ આપતા રંગમંચ બિન ઉપયોગી બન્યા હતા. જેના અંતે તંત્ર દ્વારા તબક્કાવાર રંગમંચોના રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેથી હાલ સેકટરોના રંગમંચોની રોનક નિખરી છે. હાલ પણ બાકી હોય તે રંગમંચને રીનોવેશન હેઠળ સમાવી લઈને કામગીરી માટે આયોજન કરાયુ છે. સે-૧૨ ના રંગમંચની દશા સુધારવા માટે પણ રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. રંગમંચને અનુલક્ષી લોન, બગીચા સહીત સ્ટેજ લાઈટીંગ, પાર્કીંગ શોચાલય સહીત કમ્પાઉન્ડની પણ કામગીરી કરવામાં આવે છે. સે-૧૨ ના રંગમંચના રીનોવેશન માટે વહીવટી મંજુરી મળી ગઈ છે. આ ઉપરાંત અગાઉ સે-૮ અને સે-૨૪ ના રંગમંચની પણ કાયાપલટ કરવામાં આવી હતી. જયારે હવે આગામી બે સપ્તાહમાં સે-૧૨ ના રંગમંચનુ પણ કામ હાથ ધરવામાં આવશે. સેકટરોના રંગમંચ હવે લગ્નપ્રસંગ માટે પણ ઉપયોગમાં લેવાય છે. જયારે અન્ય કાર્યક્રમો માટે પણ રંગમંચનો ઉપયોગ થાય છે. રંગમંચના રીનોવેશન પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો હોવાથી આમ નાગરિકોને સુવિધા મળી રહે છે.



શહેરમાં પ્રિ મોન્સુન એકટીવીટીના ભાગરૂપે ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. સુસવાટા મારતા તોફાની પવન સાથે વરસાદ ખાબકયો હતો. કાળા ડીબાંગ વાદળોથી ઘેરાયેલા આકાશમાં ધોધમાર વરસાદ વરસતા પલવારમાં જ સમગ્ર શહેરમાં પાણી પાણી થઈ ગયુ હતુ. કેટલાક ઠેકાણે કરા પણ પડયા હતા. જયારે વરસાદ સાથે પવનનુ જોર પણ વધુ હોવાથી સેકટરોમાં વાવાઝોડા બાદ ફરી એકવાર વૃક્ષો ધરાશાયી થયા હતા. જિલ્લાના તાલુકા વિસ્તારમાં અડધાથી એક ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે વરસાદના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. બીજીતરફ તોફાની વરસાદના લીધે ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી હતી. શહેરમાં પણ કેટલાક ઠેકાણે પર્યાવરણ દિવસની ઉજવણીના મંડપ પણ તુટી પડયા હતા.

# ખરીફ ઋતુની વાવણી મોડી પડવાની સંભાવના

ગાંધીનગર, તા. ૫

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ધીમુ પડ્યુ છે પરંતુ તેની અસરો ખરીફ વાવેતર પર જોવા મળી રહી છે. પ્રિ.મોન્સુન એકટીવીટીના ભાગરૂપે તેમજ તાઉ-તે વાવાઝોડાને પગલે થયેલા વરસાદ પછી ખેડૂત હવે અસમંજસભરી સ્થિતિનો સામનો કરી રહેલ છે.

ખરીફ વાવણીની સિઝનનો આમ તો આરંભ થઈ ચુક્યો છે પણ આ વખતે આ વાવણી મોડી થશે તેમ ખેડૂત નેતાઓ સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે. શ્રમિકોની અછત પણ તેના મૂળમાં એક કારણ હોવાનું આ આગેવાનો કહી રહ્યા છે.

ઉનાળુ પાકના વાવેતરમાં પણ જિલ્લામાં સામાન્ય ઘટાડો નોધાયો હતો. બજારોમાં ટેકાના ભાવે ધીમી ગતિએ ખરીદી ચાલી રહી છે તેમજ તેના પૈસા પણ વિલંબથી મળી રહ્યા છે. ખેડૂતને બિયારણ ખરીદવા માટે રોકડા નાણાંની જરૂર છે જ્યારે બીજી તરફ જણસોની ઉત્પાદકતાના પ્રમાણમાં ખુલ્લા બજારમાં ખુબ નીચા ભાવે મળી રહ્યા છે.

જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ખાસ કરીને કપાસ અને મગફળીના વિસ્તારમાં આંશિક ઘટાડો થવાની સંભાવનાઓ પણ ખેડૂતો સાથેની ચર્ચા દરમ્યાન સાંભળવા મળ્યો હતો. શ્રમિકોની અછત અને કોરોનાનો ભય પણ વાવેતર મોડુ થવા માટે જવાબદાર પરિબળ હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં પ્રિ.મોન્સુન એકટીવીટીના ભાગરૂપે અત્યાર સુધીમાં સિઝનનો ૨.૦૯ ટકા વરસાદ નોંધાઈ ચુકયો છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં આજે સવારના ૬ વાગ્યા સુધીમાં ૨૨ મી.મી., કલોલમાં ૩૬ મી.મી. અને માણસામાં ૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

સિઝનની સરેરાશ ટકાવારીના પ્રમાણમાં જોઈએ તો ગાંધીનગરમાં ૩.૦૮ ટકા, કલોલમાં ૪.૬૦ ટકા અને માણસામાં ૦.૭૫ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચોમાસા દરમ્યાન સરેરાશ ૭૬૫ મી.મી. વરસાદ નોંધાતો હોય છે.

જિલ્લામાં આ વખતે ચોમાસુ સારૂ રહેવાની સંભાવનાઓ વ્યકત કરવામાં આવી છે પરંતુ હજુ વાવણી માટેનો જે ઉત્સાહ ખેડૂતોમાં થોડોક ઓછો જરૂર જોવા મળી રહ્યો છે.

# સેકટર-૧૭માં જ કક્ષાના ૫૦ મકાનો તોડી નાંખવામાં આવશે

**સે-૧૨ માંપણ જ કક્ષાના ૯ બ્લોક તોડવાનુ પણ આયોજન**

ગાંધીનગર તા ૫

શહેરમાં દાયકાઓ જુના અને ખંડેર આવાસો તોડવામાં આવી રહ્યા છે. જયાર નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. સેકટરોમાં વર્ષો જુના મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે તબક્કાવાર આ જોખમી મકાનો તોડવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી આપવામાં આવી રહી છે. સે-૧૬ બાદ સે-૧૭ માં પણ જુના આવાસો તોડવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે. સે-૧૭ માં જ કક્ષાના ૫૦ મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરાશે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોવાનુ સ્પષ્ટ થયા બાદ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સર્વેના અંતે જોખમી આવાસો તોડવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવે છે. જયારે અત્યાર સુધી ઘણાં મકાનોને નિકાલ હેઠળ આવરી લઈ કડુસલો કરવામાં આવ્યો છે. સે-૬, સે-૭ સે-૨૧ અને સે-૨૨ સહીત સે-૧૬ અને સે-૧૭ માં પણ આવાસો તોડવા માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે. અગાઉ સે-૧૬ માં પણ છ કક્ષાના આવાસો તોડવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે હાલ સે-૧૭ માં પણ વર્ષો જુના અને જોખમી મકાનો તોડવા માટે આયોજન કરાયુ છે. સે-૧૭ માં જ કક્ષાના અંદાજિત ૫૦ મકાનો તોડી પડાશે. જે અન્વેય સરકારને રૂ ૫.૨૮ લાખની આવક થશે.

આ ઉપરાંત સે-૧૭ માં અન્ય છ કક્ષાના ૮ બ્લોક તોડવા માટે પણ વિભાગને દરખાસ્ત મોકલવામાં આવી છે. જયારે સે-૧૨ માંપણ જ કક્ષાના ૯ બ્લોક તોડવા માટે તંત્રએ દરખાસ્ત સુપ્રત કરી દીધી છે. નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડવા માટે ડિઝાઈન સર્કલ દ્વારા પણ અભિપ્રાય આપવામાં આવે છે. જેના અંતે મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે જેની સામે નવા કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસો પણ બનાવામાં આવી રહ્યા છે.

# કેવડિયામાં બેટરીથી ચાલતા વાહનોને પ્રાથમિકતા અપાશે

ગાંધીનગર, તા. ૫

આજે પર્યાવરણ દિવસ નિમિત્તે પીએમ મોદીએ એક કાર્યક્રમમાં સંબોધન કર્યુ હતુ અને આ દરમિયાન તેમણે દેશની પહેલી ઈલેક્ટ્રોનિક સિટીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

પીએમ મોદીએ કાર્યક્રમમાં કહ્યુ હતુ કે, ભવિષ્યની એક યોજના અંગે હું જાકાકરી આપવા માંગુ છું. ગુજરાતના ખૂબસુરત શહેર કેવડિયામાં આગામી દિવસોમાં પર્યાવરણના મહત્વને ધ્યાનમાં રાખીને માત્ર બેટરીથી ચાલતા વાહનોને જ પ્રાથમિકતા આપવામાં આવશે.આવનારા સમયમાં આ શહેરમાં માત્ર બેટરી આધારિત ફોર વ્હીલર અને બસો જ ચાલશે. પીએમ મોદીના એલાન પહેલા ૨૦૧૯માં કેન્દ્ર સરકાર તરફથી કેવડિયામાં માત્ર ઈલેક્ટ્રોનિક વાહનોની અવર જવરને મંજૂરી આપવા માટે પ્રાથમિક યોજના તૈયાર કરી દેવાઈ હતી. પૂર્વ પર્યટન મંત્રી જે જે એલફોન્સે તે સમયે કહ્યુ હતુ કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવનારા પર્યટકોની સંખ્યામાં હવે વધારો થશે.

# જિલ્લામાં આજે પણ હળવા વરસાદની સંભાવના છે : હવામાન વિભાગ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ભર વૈશાખે અષાઢી માહોલ જામ્યો છે. આજે પણ ગાંધીનગર જિલ્લામાં હળવો વરસાદ થવાની શક્યતાઓ છે.

કૃષિ યુનિ. દાંતીવાડાના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૧૯માં આગામી ૯મી સુધીની આગાહી કરવામાં આવી છે. જેમાં ૫ અને ૬ જુનના રોજ હળવો વરસાદ થવાની શક્યતા દર્શાવાઈ છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૫ મી જૂનથી ૯મી જૂન સુધી આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે. મહત્તમ તાપમાન ૩૮-૪૦ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૩ થી ૬૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૧૪ થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીનમાં જણાવાયુ છે કે મરચી, ટામેટી, રીંગણ જેવા શાકભાજીના પાકોની ચોમાસુ ઋતુમાં રોપણી માટે ધરૂવાડિયા તૈયાર કરવા.

આ બુલેટીનમાં જમીનની માવજતને લઈ પણ કેટલીક સલાહ ખેડૂતોને આપવામાં આવી છે. જમીનમાં ભેજ સંગ્રહ શક્તિ વધે તે દિશામાં પગલાં લેવા આગ્રહ કરવામાં આવ્યો છે.


# ભારતીય જનતા પાર્ટી

## ગાંધીનગર મહાનગર

## થેલેસેમિયાથી પીડીત બાળકો માટે મેગા બ્લડ કેમ્પ




**"સેવા હી સંગઠન" અંતર્ગત વિવિધ બ્લડ ડોનેશન કેમ્પ**

**જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, સીવીલ હોસ્પિટલના સહયોગથી)**

| વોર્ડ | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| ૧ ૨૫-૨૬ રાંધેજા | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૦૯.૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે | સેંધણી માતા મંદિર, રાંધેજા |
| | ૦૬/૦૬/૨૦૨૧ | બપોરે ૦૪.૦૦ થી સાંજે ૦૭:૦૦ કલાકે | એફ.આઈ.એ.ભવન,સે.૨૬, ગ્રીનસીટી |
| ૨ પેથાપુર જીઈબી | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે | રામદેવપીર મંદિર, પેથાપુર |
| | ૦૭/૦૬/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે | રાજપૂત સમાજવાડી, આદીવાડા |
| | ૦૮/૦૬/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે | પ્રાથમિક શાળા, ફતેપુરા |
| ૩ ૨૪-૨૭-૨૮ | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | સ્વામિ વિવેકાનંદ સ્કુલ, સે.૨૪ |
| | ૦૭/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | રંગમંચ, સે.૨૭ |
| | ૦૮/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | દત્ત મંદિર, સે.૨૮ |
| ૪ પાલજ-ધાળાકુવા | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | મહાકાળી માતા મંદિર, પાલજ |
| ૫ પંચદેવ | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૯:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | શ્રી કમલમ્ કાર્યાલય, સે.૨૧ |
| | ૦૮/૦૬/૨૦૨૧ | સવારે ૧૦.૩૦ થી બપોરે ૦૨:૦૦ કલાકે | જુના સચિવાલય કેન્ટીન, સે.૧૮ |
| ૬ મહાત્મા મંદિર | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | ગોપાલક વિદ્યાલય, સે.૧૫ |
| | ૦૭/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | રાજપૂત સમાજ ભવન, સે.૧૨ |
| | ૦૮/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | બ્લોક નં.૬૯, વિવેકાનંદ સંસ્કાર તપોવન, સે.૧૭ |
| ૭ કોલવડા-વાવોલ | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | દરબાર ભાગોળ, મહાદેવ મંદિર, કોલવડા |
| | ૦૭/૦૬/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | વોર્ડ કાર્યાલય, સેન્ટર પેન્ટા સ્વેર વિજય એપાર્ટમેન્ટની સામે, વાવોલ |
| ૮ ૪-૫-અંબાપુર-સરગાસણ | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | ટી.પી-૯, ગુડા ગાર્ડન, સરગાસણ |
| | ૦૭/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | ખોડીયાર માતાનું મદિર, સે.૫ |
| | ૦૮/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | રામદેવપીરના મંદિર પાસે, પોર |
| ૯ ૨-૩-કુડાસણ | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે | સત્કાર હોટલ, કુડાસણ |
| | ૦૭/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે | સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨ |
| | ૦૮/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે | S.S.V.સ્કુલ, સે.૩/બી |
| ૧૦ ૬-૭ કોબા | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૧૨:૩૦ કલાકે | સૌરાષ્ટ્ર સમાજ પટેલની વાડી, સે.૭ |
| | ૦૭/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૧૨:૩૦ કલાકે | કોમ્યુનીટી હોલ, ગ્રામ પંચાયત, કોબા |
| | ૦૮/૦૬/૨૦૨૧ | સવારે ૦૯:૩૦ થી બપોરે ૧૨:૩૦ કલાકે | ઉત્તર દસક્રોઈ કડવા પાટીદાર સમાજ વાડી, રાયસણ |
| ૧૧ ભાટ-ખોરજ | ૦૬/૦૬/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | સંજીવની સેવા ટ્રસ્ટ, ભાટ |
| | ૦૭/૦૬/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | રામાપીરનું મંદિર, ઝુંડાલ |
| | ૦૮/૦૬/૨૦૨૧ | સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે | ખોરજ |

**-: રક્તદાન કરવાથી થતા ફાયદાઓ :-**

● કેન્સરનું જોખમ ઘટાડે છે ● હૃદય માટે ફાયદાકારક છે ● નવી રક્ત કોશિકાઓ બને છે ● કેલરી બને છે

કોરોના વેક્સિન લીધાના ૧૪ દિવસ પછી અને કોરોના થયાના ૨૮ દિવસ પછી રક્તદાન કરી શકાય

ઈન્ચાર્જશ્રીઓ:- ગૌરાંગભાઈ પટેલ (મો.૯૮૨૪૦ ૯૮૨૫૧) - જીગરભાઈ પટેલ (મો.૯૯૯૮૭ ૨૨૨૨૫) - નિલેશ પટેલ (મો.૯૮૨૪૫ ૫૯૫૬૬)


# સતત બીજે દિવસે નવા ૧૩ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં ૧, કલોલ-દહેગામમાં બે-બે કેસ નોંધાયા : શહેરમાં પેથાપુરમાં ૩, સે. ૨૩ માં બે કેસ સહિત ૮ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આજે બીજે દિવસે કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫ અને ગાંધીનગર શહેરમાં ૮ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં સૂત્રોએ જણાવ્યુ છે કે ગ્રામ્ય વિસ્તારમાં હવે છુટા છવાયા કેસો મળી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામ-કલોલમાં ૨-૨ કેસ તેમજ ગાંધીનગરમાં એક કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

દહેગામ તાલુકામાં આજે વાસણા સોગઠી અને ચંદાના મુવાડા ગામેથી કેસો મળી આવેલ છે. ગાંધીનગર તાલુકાના છાલા ગામેથી ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં પાનસર ખાતેથી એક ગૃહીણીનો અને ઉનાલી ગામેથી એક આધેડ વયના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૩૯૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.


જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૨૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૧૨૧૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૮ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દી, એક ૬૦ થી વધુ વયના દર્દી અને એક દર્દી ૨૦ થી ઓછી વય ધરાવતો મળેલ છે.

શહેરમાં આજે પેથાપુરમાંથી ૩, સે. ૨૩ માંથી ૨ તેમજ સે. ૨, ૨૫, કુડાસણમાંથી કેસ મળી આવેલ છે.

આજે વધુ ૩૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૩૨૫ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.


## ટેલિફોનિક બેસણું



અમારા પૂ. પિતાશ્રી **જશવંતસિંહજી જગતસિંહજી ચાવડા (નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર, મુ. લાકરોડા, તા. માણસા)**નું તા. ૨/૬/૨૦૨૧ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરું.

કોરોના મહામારીની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદ્દગતનું બેસણું તથા લૌકિકક્રિયા બંધ રાખેલ છે.

**સદ્દગતનું ટેલિફોનિક બેસણું તા. ૭/૬/૨૦૨૧ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાક દરમિયાન રાખેલ છે.**

લિ.

ડો. જયેન્દ્રસિંહજી પરમાર (જ.સા.) મો. ૯૮૨૫૫ ૪૦૪૧૫

દિલીપસિંહ જગતસિંહ ચાવડા (ભાઈ) મો. ૯૮૯૮૧ ૫૫૯૫૫

જ્યોતિબા જયેન્દ્રસિંહજી પરમાર (દિકરીબા) મો. ૯૩૧૩૧ ૨૨૯૦૦

સુરેશસિંહ જગતસિંહ ચાવડા (ભાઈ) મો. ૯૯૯૮૭ ૧૩૭૨૫

મીનલબા ધરમવીરસિંહ ચાવડા (પુત્રવધૂ) મો. ૯૮૨૪૩ ૫૪૨૧૬

ધરમવીરસિંહ જશવંતસિંહ ચાવડા (પુત્ર) મો. ૯૨૨૮૧ ૦૪૩૭૬


# ૨૫૦૦ મેગાવોટ ક્ષમતાના પીપીએ કરાયા : ઊર્જામંત્રી

**ગ્રીન એનર્જી હબ ક્ષેત્રે ગુજરાતની હરણફાળ**

રાજકોટ,તા.૫

ઊર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રને પ્રોત્સાહન આપી અને ગ્રીન એનર્જી હબ બને એ માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ નવતર આયામો હાથ ધરીને પ્રોત્સાહનો પૂરા પાડવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકાર હસ્તકની ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની ચારેય વીજ વિતરણ કંપનીઓ દ્વારા સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યૂટેડ સોલર પ્રોજેક્ટ્સની એક અનોખી યોજના હેઠળ ૨૫૦૦ મેગાવોટ સૌર ઊર્જા માટે પીપીએ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ્સ વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં પૂરા કરવામાં આવશે અને જળવાયુ પરિવર્તનના વૈશ્વિક એજન્ડામાં ભાગ લેવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નિર્ધારિત કરેલ ૧૭૫ ગીગાવોટ રિન્યુઅબલ ઊર્જાના લક્ષ્યને વર્ષ ૨૦૨૨ સુધી અને ૪૫૦ ગીગાવોટ રિન્યુઅબલ ઊર્જાના લક્ષ્યને વર્ષ ૨૦૩૦ સુધી હાંસલ કરવાના દેશના મિશનને વેગ આપીને ગુજરાત દેશભરમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરશે. ઊર્જા મંત્રી સૌરભ પટેલે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળ ગુજરાત દેશનું એકમાત્ર એવું રાજ્ય છે કે જેણે આવા સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યૂટેડ સોલર પ્રોજેક્ટ્સની મારફતે આટલી મોટી ક્ષમતા માટે વીજ ખરીદીના કરાર કર્યા હોય.


www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2015 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com